# શહેરમાં શાંતિપૂર્ણ બંધ

**અમુક શાળા કોલેજો બંધ રહી સ્કુલ વર્ધીના વાહનોએ સંપુર્ણ બંધ પાળ્યો : શાળાઓમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી : એસ ટી બસ અને રીક્ષાઓને પણ અટકાવી દેવાઇ : કચેરીઓમાં કર્મચારીઓની પણ પાંખી હાજરી જોવા મળી : કરણી સેનાના યુવાનો બાઇક લઇને ફર્યા સેકટરોમાં દુકાનો બંધ કરાવી નગરના મુખ્ય સે-૨૧,૭ અને સ-૨૪ સહીત ઇન્ફોસીટીની દુકાનો પણ બંધ જોવા મળી**





## બંધ શાંતિપૂર્ણ સંપન્ન થવાનો એક રાઝ...

## સીસીટીવી સર્વેલન્સ રૂમમાં પોલીસની સતર્કતા અને રેપીડ વાયરલેસ કોમ્યુનિકેશન..!

**ટોળાને સર્વેલન્સ રૂમમાં જોઈને પોલીસ ઈન્સ્ટન્ટ વાયરલેસ મેસેજ આપી ટીમ દોડાવી મુકતી હતી**



ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં મહદઅંશે શાંતિપૂર્ણ વાતાવરણમાં બંધ પુર્ણ થયો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં છુટાછવાયા રસ્તા રોકવાના પ્રયત્ન ટોળા દ્વારા કરવામાં આવ્યા હતા પરંતુ પોલીસની ક્વીક રીસ્પોન્સ અને સતત પેટ્રોલીંગને પગલે ક્યાંય પાંચ-દસ મિનિટથી વધુ જામ થઈ શક્યુ ન હતુ. તે ઉપરાંત પાટનગરમાં મુખ્ય માર્ગો અને પ્રવેશદ્વારો પર લગાડવામાં આવેલા અઢીસો

● અનુસંધાન પાન-૩ પર

ગાંધીનગર તા ૨૫

પદમાવત ફિલ્મને રીલીઝ કરવાના વિરોધમાં આજે અપાયેલા બંધના એલાનને ગાંધીનગરમાં સારો પ્રતિસાદ મળ્યો હતો. સવારથી નગરમાં સ્વંયભુ બંધની અસર જોવા મળી હતી. જયારે કેટલાક ઠેકાણે દુકાનો તેમજ અન્ય ઓફિસો ખુલ્લી રહેતા કરણી સેનાએ આ દુકાનો બંધ કરાવી હતી. સેકટરોના મુખ્ય શોપિંગ બજારોથી માંડી એસ ટી સેવા ઉપર પર બંધની વિપરિત અસર જોવા મળી હતી. બંધનુ એલાન શાંતિપુર્ણ માહોલમાં સફળ રહયુ હતુ. બંધના એલાન દરમિયાન તોફાનો થવાની વકીના પગલે કેટલીક શાળાઓ બંધ રહી હતી. જયારે શાળાઓમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી જોવા મળી હતી. સ્કુલ વર્ધીના વાહનોએ સંપુર્ણ બંધુ પાળ્યો હતો.

● અનુસંધાન પાન-૩ પર

## નંદા ઓટોમોબાઈલ્સમાં તોડફોડ કરાઈ

**ટોળાને ડીટેઈન કરવા જતાં સે. ૨૧ પીઆઈ ઘવાયા**



બંધનું એલાન સફળ બનાવવા ગાંધીનગરમાં જ્યાં જ્યાં દુકાનો-શૉ રૂમો કે શોપીંગ સેન્ટરો ખુલ્યા હતા ત્યાં ત્યાં કરણીસેનાના ટોળા બંધ કરાવવા ફર્યા હતા. સે. ૨૮ ખાતે નંદા ઓટોમોબાઈલ્સ શૉ રૂમ ખુલ્લો હોવાથી શૉ રૂમના કાચ ઉપર પથ્થર ફેંકી તોડફોડ કરાઈ હતી. જો કે ત્યારબાદ બંધ કરી દેવાતા વધુ નુકશાન પહોંચાડવામાં આવ્યું ન હતુ. તો બીજી તરફ ઘ-પ સર્કલ પાસે ટોળુ દુકાનો બંધ કરાવવા નીકળ્યુ હતુ ત્યારે ટોળાને ડીટેઈન કરવા સે. ૨૧ પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. ટોળાને ડીટેઈન કરવા જતા પગ મચકોડાઈ જતા સે. ૨૧ પીઆઈ જતીન પ્રજાપતી ઘાયલ થઈ જવા પામ્યા હતા.

## ગાંધીનગરના એસ.એસ. રાઠૌરને પદ્મશ્રી એવૉર્ડ

**ગુજરાતના જાણીતા કલાકાર મનોજ જોશી, ફોટો જર્નાલીસ્ટ ઝવેરીલાલ મહેતા અને કેન્સર સર્જન ડો. પંકજ શાહને પણ પદ્મશ્રી એવોર્ડ**



ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરવાસી અને સરદાર સરોવર નર્મદા નિગમના ચેરમેન તથા પૂર્વ માર્ગ-મકાન વિભાગના સચિવ એસ.એસ. રાઠૌરને ભારત સરકારે સીવીલ સર્વિસમાં પદ્મશ્રી એવૉર્ડથી સન્માનિત કરેલ છે.

ગુજરાતમાંથી જાણીતા નાટ્યકાર મનોજ જોશી, જાણીતા અખબારી તસવીરકાર ઝવેરીલાલ મહેતા, કેન્સરના જાણીતા તબીબ ડૉ. પંકડ શાહને પણ પદ્મશ્રી એવૉર્ડ આપવાની જાહેરાત કરવામાં આવી છે.

ઉત્તર ગુજરાતના વલાસણાના રાજવી પરિવારના સદસ્ય અનેએસ.એસ. રાઠૌર મૃદુભાષી ઈજનેર તરીકે વધુ જાણીતા છે.

## શહેરમાં ઠંડીનો આક્રમક મિજાજ : પારો ૮.૨ ડિગ્રી

**ગત મહીના દરમિયાન પણ ઠંડીનો પારો ૮.૨ ડીગ્રીએ પહોંચતા સિઝનની મહત્તમ ઠંડીનો અનુભવ નગરજનોએ કર્યો હતો : આકરી ઠંડીથી મુખ્ય માર્ગો અને સેકટરોની શેરીઓમાં સન્નાટો**

ગાંધીનગર તા ૨૫

શિયાળાની મોસમની સિઝનની મહત્તમ ઠંડી આજે નગરજનોએ અનુભવી હતી. અગાઉ ગત મહીના દરમિયાન પણ લઘુત્તમ તાપમાન ૮.૨ ડીગ્રીએ પહોંચી જતા નગરજનો કાતિલ ઠંડીમાં ઠુંઠવાયા હતા. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૪ ડીગ્રી ગગડયુ હતુ. જેના લીધે મોસમના બદલાયેલા મિજાજ વચ્ચે ફરી એકવાર ઠંડીનો ઉગ્ર મિજાજ જોવા મળ્યો હતો. આજે વધુ એક ડીગ્રી પારો નીચો આવતા લઘુત્તમ તાપમાન ૮.૨ ડીગ્રીએ પહોંચી જતા નગરજનોએ આકરી ઠંડી અનુભવી હતી. ઠંડીની અસર નગરના જનજીવન પર વર્તાઈ હતી.

શહેરમાં ઠંડીનો મિજાજ ફરી ઉગ્ર બન્યો છે. આકરી ઠંડીના લીધે છેલ્લા બે દિવસથી નગરના જનજીવન પર અસર વર્તાઈ રહી છે. બે દિવસ પુર્વે લઘુત્તમ તાપમાન ૧૪ ડીગ્રી હતુ. જયારે મહત્તમ તાપમાન પણ વધુ હોવાના લીધે નગરજનોએ દિવસે ગરમી અને રાત્રિના સમયે ઠંડી સાથે બેવડી ઋતુનો અનુભવ કર્યો હતો. જયારે ગઈકાલે ઠંડીનો પારો ૪ ડીગ્રી ગગડી ૯ ડી ગ્રીએ પહોંચી જતા શહેરીજનો આકરી ઠંડીની લપેટમાં આવી ગયા હતા. સાંજ ઢળતા જ નગરના માર્ગો પર સન્નાટો જોવા મળ્યો હતો.

● અનુસંધાન પાન-૩ પર







**Gujarat State Petronet Limited**

Corporate Identity Number : L40200GJ1998SGC035188

Regd Office: GSPC Bhavan, Sector-11, Gandhinagar - 382 010 Tel: +91-79-66701001 Fax: +91-79-23236477 Website: www.gspcgroup.com Email: investors.gspl@gspc.in

**NOTICE**


Pursuant to Regulation 47 (1) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Thursday, the 8th February, 2018, inter-alia, to consider and take on record the Un-audited Financial Results of the Company for the quarter ended on 31st December, 2017.

The said intimation is also available on the Company's website viz. www.gspcgroup.com and may also be available on the website of Stock Exchanges at www.bseindia.com and at www.nseindia.com.

For Gujarat State Petronet Limited
sd/-
Reena Desai
Company Secretary

Place: Gandhinagar
Date: 25th January, 2018


## પ્રાર્થનાસભા



પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા (અધ્યક્ષ, ગુજરાત સાહિત્ય અકાદમી)ના ધર્મપત્ની ડો.આરતી પંડ્યાનું ૨૪ જાન્યુ, બુધવારના રોજ દુ:ખદ અવસાન થયેલ, એમના આત્માની શાંતિ માટે ૨૬ જાન્યુઆરી, શુક્રવારના રોજ સાંજે : ૪ થી ૭ વાગ્યા સુધી, સદ્‌વિચાર પરિવાર સભાગૃહ, સદ્‌વિચાર પરિવાર કેમ્પસ, રામદેવનગર ટેકરા, સેટેલાઈટ, અમદાવાદ ખાતે પ્રાર્થનાસભા રાખેલ છે.






Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com